પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૬ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૭, સોમવાર ; ફાગણ સુદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### શરદ પવાર શિવસેના માટે નરમ



બીએમસીમાં મેયરપદ માટેના જંગમાં શિવસેનાને ટેકો આપવા એનસીપીના સુપ્રિમો શરદ પવાર નરમ પડ્યા છે.

### વારાસણીમાં પાંચ કેન્દ્રીય મંત્રીઓનો પડાવ

ઉત્તરપ્રદેશનો જંગ હવે પ્રતિષ્ઠાનો જંગ બની રહ્યો છે. પ્રધાનમંત્રીના મતવિસ્તારમાં પાંચ કેન્દ્રીય મંત્રીઓએ અઠવાડિયાથી ડેરા-તંબુ તાણ્યા છે.

### ડીમ્પલ યાદવ આક્રમક મોડ પર

ઉત્તરપ્રદેશના જંગમાં



અખિલેશ યાદવના પત્ની અને સાંસદ ડીમ્પલ યાદવ છેલ્લા ચાર દિવસથી જાહેરસભાઓમાં આક્રમક મોડ પર દેખાય છે. પ્રધાનમંત્રી પર સીધા આકરા પ્રહારો તેમની જ શૈલીમાં કરતા ડીમ્પલ યાદવને સાંભળવા ભીડ ઉમટે છે.

# આજે ઉત્તરપ્રદેશમાં પાંચમા તબક્કાનું મતદાન

**૧૧ જિલ્લાની ૫૧ બેઠક પર ૬૦૮ ઉમેદવારો મેદાનમાં : ૯૬ લાખ મહિલા મતદાર સહિત ૧.૮૪ કરોડ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેસલો કરવા માટે સજ્જ થયા : અમેઠીમાં મહત્તમ ૨૪ ઉમેદવારો મેદાનમાં**



લખનૌ,તા. ૨૬

ઉત્તરપ્રદેશમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે આવતીકાલે પાંચમાં તબક્કામાં મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હજુ સુધીના ચાર તબક્કામાં ઉંચુ મતાદન થયા બાદ આવતીકાલે પણ ઉંચા મતદાનની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ૧૧ જિલ્લાને આવરી લેતી ૫૧ બેઠક પર આવતીકાલે મતદાન યોજાનાર છે. પાંચમાં તબક્કામાં કુલ ૬૦૮ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ અને ઉત્સુક દેખાઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં પાંચમાં તબક્કામાં ૫૨ સીટ પૈકી સમાજવાદી પાર્ટીએ ૩૮ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. જ્યારે કોંગ્રેસના ખાતામાં પાંચ બેઠકો આવી હતી. જેથી આ દ્રષ્ટિએ ૮૫ ટકા સીટ ગઠબંધનના ખાતામાં આવી હતી. જે જિલ્લામાં આવતીકાલે ચૂંટણી યોજાનાર છે તેમાં બલરામપુર, ગૌન્ડા, ફૈઝાબાદ, આમ્બેડકર નગર, બહરાઈચનો સમાવેશ થાય છે. કુલ વોટરની સંખ્યા ૧.૮૪ કરોડની આસપાસ છે. જે પૈકી મોટા ભાગના

● અનુસંધાન પાન-૭ પર

# આર્મી ભરતીકાંડમાં પેપર લીક મામલે ૧૮ની ધરપકડ

**નાગપુર, નાસિક, થાણે, ગોવામાં દરોડા પડાયા : સમગ્ર કૌભાંડમાં આર્મી ઓફિસરની સંડોવણીની આશંકા**



થાણે, તા. ૨૬

આર્મી પરીક્ષા પહેલા લીક કરવામાં આવેલા આર્મી પરીક્ષા પેપરના સંબંધમાં થાણે પોલીસ દ્વારા ઓછામાં ઓછા ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. જુદા જુદા ભાગોમાં દરોડા પાડવામાં આવ્યા છે. નાગપુર અને નાસિકમાં દરોડા પાડવાની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રના

● અનુસંધાન પાન-૭ પર

# ધાર્મિક સ્થાનો પર હુમલાની યોજના નિષ્ફળ

**આઈએસના બે ત્રાસવાદીઓ ઝડપાયા : બોંબ બનાવવાની સામગ્રી કબજે : બે સગાભાઈ પૈકી એકની રાજકોટમાંથી અને બીજાની ભાવનગરમાંથી ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ : આકરી પુછપરછનો દોર શરૂ : સલામતી મજબૂત**



અમદાવાદ,તા. ૨૬

ગુજરાતની એન્ટી ટેરેરિઝમ સ્કવોર્ડ (એટીએસ)ને મોટી સફળતા હાથ લાગી છે. એટીએસે આજે આગામી થોડાક દિવસોમાં ગુજરાતમાં અનેક ધાર્મિક સ્થળો ઉપર સિરિયલ બોંબ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહેલા આઈએસના બે ત્રાસવાદીઓની ધરપકડ કરી લીધી છે. આ બંને સગા ભાઈ છે અને સોશિયલ મિડિયા મારફતે તેમના વિદેશમાં રહેલા આઈએસના આકાઓ સાથે સીધીરીતે સંપર્કમાં હતા. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી પણ કબજે

● અનુસંધાન પાન-૭ પર




